# સાબરકાંઠા-બનાસકાંઠામાં ગણેશોત્સવનો રંગેચંગે શુભારંભ

## ડીસા શહેરમાં ૧૫૦ જેટલા સ્થળોએ ગણેશોત્સવની ઉજવણી

ડીસા,તા. ૯ ભાદરવાસુદ-૯થી ગણપતિ ઉત્સવનો પ્રારંભ થયો છે ત્યારે ડીસા શહેર અને સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં રંગેચંગે ગણપતિ ઉત્સવનો પ્રારંભ થઈ ચુક્યો છે. ડીસા શહેરમાં વિવિધ વિસ્તારોમાં ૧૫૦ જેટલા સ્થળોએ ગણેશોત્સવ ઉજવાય છે. આજથી ભાદરવી અગિયારસ સુધી શહેર ગણપતિના રંગે રંગાઈ જશે.



ડીસા શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોથી ગણપતિ ઉત્સવ ભારે ધામધુમપૂર્વક ઉજવાય છે. આ વર્ષે પણ ગણપતિ ઉત્સવને ઉજવવા માટે આયોજકો દ્વારા છેલ્લા ૧૫ દિવસથી તડામાર તૈયારીઓમાં વ્યસ્ત હતા. પાલનપુર હાઈવે વિસ્તારમાં એક માસથી અમદાવાદના કારીગરો ગણપતિજીની મુર્તિ બનાવવામાં લાગેલા હતા. આ વખતે અહીંથી મુર્તિઓની મોટાપાયે ખરીદી થઈ હતી. ગણપતિ ભગવાનનું ભાદરવા સુદ-૪ના દિવસે રંગેચંગે સ્થાપન કરવામાં આવ્યું હતું. ભક્તો દ્વારા ડીજે સાઉન્ડના તાલે ભગવાનને ઉજવણીના સ્થળે બિરાજમાન કરવામાં આવ્યા હતા. જ્યાં સ્થાપનાની સાથે મહા આરતી અને પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીસા શહેરના લાલચાલી વિસ્તારમાં બનાવવામાં આવેલ ગણપતિ દાદાના મંદિરમાં ગણેશચોથ નિમિત્તે તેરબાગ કે રાજા ગણપતિની મુર્તિનું સ્થાપન કરવામાં આવ્યું હતું. ડીસા શહેરના લાલચાલી ઉપરાંત અંબિકાચોક રામચોક, હાથીખાના, નવાવાસ, હાઈવે વિસ્તાર, રીસાલા બજાર, રાજપુર, લોધવાસ, રેલવેસ્ટેશન, ડાયમંડ સોસાયટી, પુષ્પાંજલિ, બેકરીકુવા, રીજમેન્ટ, સિંધીકોલોની, પોસ્ટઓફિસ, લાટીબજાર, સોનીબજાર, પ્રતાપચાલી, ઢેબરરોડ, કચ્છીકોલોની, અંબિકાનગર, ઉમિયાનગર તેમજ ડીસાના બિલ્ડર ડી.આર. અગ્રવાલના કમ્પઉન્ડમાં પણ કેટલાક વર્ષોથી ગણપતિ ઉત્સવ થાય છે. વિવિધ વેપારીઓ, કારીગરો મંડળો દ્વારા પણ ગણપતિ ઉત્સવ ઉજવાય છે. શહેરીવાસીઓ ગણેશજીના ઉત્સવમાં ઓતપ્રોત બની જશે. રાત્રે ગરબા, ભજન કાર્યક્રમ તેમજ અન્ય કાર્યક્રમો યોજાય છે. શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોપણહવેગણપતિઉત્સવનોક્રેઝ વધી રહ્યો છે. આ વર્ષે ડીસા તાલુકાના ગામોમાં ગણેશચોથના દિવસે ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે.



પાલનપુર શહેરનાં મોટીબજાર વિસ્તાર ખાતે સોના ચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલા મરાઠી ભાઈઓ દ્વારા પણ દર વર્ષની જેમ આ વર્ષે દુદાળા દેવ ગણપતિ બાપાની મુર્તિની સ્થાપના કરી તેની રંગેચંગે ઉજવણી કરવાનું આયોજન કરાયું છે. જ્યાં આજરોજ વાજતે ગાજતે મુર્તિની સ્થાપના કરવામાં આવી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)





**પ્રાંતિજમાં ઠેર ઠેર ગણેશ સ્થાપન ભાવિકો ગણેશમય બન્યા**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ વિસ્તારમાં ગણેશ મહોત્સવનો રંગેચંગે વરઘોડા, નગરયાત્રા યોજી ભગવાન ગણેશની મૂર્તિની સ્થાપના ઉત્સાહભેર કરવામાં આવી હતી. પ્રાંતિજ ખાતે પણ દર વર્ષની જેમ વિવિધ સ્થળો ઉપર ભગવાન ગણપતિજીની સ્થાપના કરવામાં આવી હતી. પ્રાંતિજના નવયુવક મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિઘ્નહર્તાની ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી અને જેમાં હજારો ભાવિકો જોડાયા હતા અને નવ દિવસ દરમિયાન ગણપતિ મહોત્સવમાં ધામધૂમથી રાસ-ગરબા અને ભજનની રમઝટ જામશે.

## પાલનપુરમાં ૧૧મીએ ભારત જાગો દોડનું આયોજન

પાલનપુર, તા. ૯ રાષ્ટ્રપુરુષ સ્વામી વિવેકાનંદજીએ શિકાંગોની ધર્મ સંસદમાં ૧૧મી સપ્ટેમ્બર-૧૮૯૩ના રોજ આપેલ ઐતિહાસિક પ્રવચન દ્વારા ભારતીય સંસ્કૃતિને વિશ્વની શ્રેષ્ઠ સંસ્કૃતિ તરીકે પ્રસ્થાપિત કરી હતી તેની સ્મૃતિમાં તા. ૧૧મી સપ્ટેમ્બરને બુધવારે પાલનપુરમાં ભારત જાગો દોડનું આયોજન કરવામાં આવ્યું છે.

પાલનપુર ખાતે તા. ૧૧ સપ્ટેમ્બરે સવારે ૯ કલાકે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે દોડવાના શુભારંભે સંઘના સહ પ્રાંત બૌધિક પ્રમુખ સુરેશભાઈ પટેલ તેમજ અમીત ઠાકર પ્રસંગોચિત પ્રવચન આપશે. ત્યારબાદ દોડમાં ભાગલેનાર યુવાનોની દોડનો પ્રારંભ થશે.

પોલીસ પરેડ ગ્રાઉન્ડથી સરસ્વતીની જુની પ્રતિમા શશીવનથી ગઠામણ ગેટ, સંજય ચોક, દિલ્હીગેટ, સિમલા ગેટ, કિર્તી સ્તંભ, ગુરૂનાનક ચોક થઈ જોરાવર પેલેસ દોડનું સમાપન થશે. માર્ગમાં શહેરના નાગરિકો દોડમાં ભાગ લેનાર યુવાનો માટે ઠેર-ઠેર લીંબુ-પાણીની વ્યવસ્થા કરવામાં આવશે. જ્યારે દોડના સમાપન પ્રસંગે સર્વે દોડવીરને સ્વામી વિવેકાનંદજીની પુસ્તિકા ભેટ આપવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમ સ્વામી વિવેકાનંદ સાધર્શતી સમારોહ સમિતિ પાલનપુર, વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્ર બનાસકાંઠા તેમજ પોલીસ સુરક્ષા સેતુ સોસાયટીના સહયોગથી યોજાઈ રહ્યો છે.

કાર્યક્રમની સફળતા માટે કાર્યક્રમના કન્વીનર અરૂણભાઈ ભાર્ગ, ગૌરાંગભાઈ પાધ્યા, રજનીભાઈ જોષી વિગેરે જહેમત કરી રહ્યા છે. આ ભારત જાગો દોડમાં પાલનપુરના ૩૫૦૦ જેટલા યુવાનો ભાગ લઈ રહ્યા છે.

## બાલીસણાની સગીરાને ભગાડી જનાર શખ્સ સામે ફરિયાદ

પ્રાંતિજ, તા. ૯ પ્રાંતિજ તાલુકાના બાલીસણા ગામની સગીરાને અન્ય એક શખ્સ બહેલાવી ફોસલાવી ભગાડી જતા સગીરાના પિતાએ ફરિયાદ આપતા પ્રાંતિજ પોલીસે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગરના કમાલપુર ખાતે રહેતો દિલપ કાળુસિંહ ઠાકોર નામના શખ્સે પ્રાંતિજ સ્થિત સગીરાને પોતાના ઝાંસામાં ફસાવી બહેલા ફોસલાવી લગ્નની લાલચ આપી હતી અને બાદમાં બદ ઈરાદે લગ્નનું કહી સગીરાને પોતાના ઘરની બહાર બોલાવી ભગાડી જતા પરિવાર ચિંતાતુર બન્યું છે અને આખરે સગીરાને ભગાડી જનાર દિલીપ કાળુસિંહ રાઠોડ સામે ફરિયાદ પ્રાંતિજ પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી આરોપીની સામે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## તલોદની ટ્રિનીટી સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ

તલોદ, તા. ૯ તલોદ સ્થિત ટ્રિનીટી એજ્યુકેશન કેમ્પમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન શિક્ષક દિની ભારે હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ શિક્ષક બની સમગ્ર દિવસ દરમિયાન શિક્ષણ કાર્ય સંભાળ્યું હતું.

શિક્ષક દિનની ઉજવણી પ્રસંગે તલોદ સ્થિત ટ્રિનિટી સ્કૂલમાં વિદ્યાર્થીઓએ શિક્ષક બની સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરવાની ખેવના સાથે શૈક્ષણિક કાર્ય કર્યું હતું. જેમાં અંગ્રેજી માધ્યમમાં ૧૦૦ અને ગુજરાતી માધ્યમમાં ૧૫૦ વિદ્યાર્થીઓ શિક્ષક બન્યા હતા. ઉપરાંત બાયસેક ચેનલ પર ગુજરાતના મુખ્યમંત્રી મોદીનું શિક્ષકોને શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો અને ગુજરાતના બાળકો સાથે સીધો વાર્તાલાપ કર્યો હતો. જ્યારે સર્વે શિક્ષકગણ તથા આચાર્ય તેમજ સંચાલક મંડળે સૌને અભિનંદન પાઠવ્યા હતા.



**ખેડબ્રહ્માામાં ધામધૂમથી ગણેશજીનું સ્થાપન કરવામાં આવ્યું**

સોમવારના રોજ સમગ્ર દેશમાં ગણેશોત્સવનો ઉમંગભેર પ્રારંભ થયો છે. જેમાં ખેડબ્રહ્મા શહેરના બ્રહ્માજી ચોક, હરીજનવાસ, પટેલ સોસાયટી, માણેકચોક, સરદાર ચોક સહીત ૧૮ જેટલી જગ્યાએ ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. માણેકચોકમાં મારૂતિ સેવા મંડળ દ્વારા છેલ્લા ૨૧ વર્ષથી ગણેશોત્સવ ઉજવવામાં આવે છે. આ વર્ષે સ્માઈલ પ્લીઝ ગ્રુપ દ્વારા માણેકચોકમાં શહેરના સૌથી મોટા અગિયાર ફૂટના લાલબાગ ચા રાજાની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ)

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૪૦ | ૨૩૦ |
| બટાટા ડીસા | ૧૮૦ | ૨૭૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | - | - |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૮૦૦ | ૯૫૦ |
| રીંગણ | ૧૪૦ | ૨૫૦ |
| રવૈયા | ૧૬૦ | ૨૬૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૨૪૦ | ૩૬૦ |
| ટામેટા પાકા | ૧૬૦ | ૨૮૦ |
| દૂધી | ૬૦ | ૧૪૦ |
| કાકડી | ૧૦૦ | ૨૬૦ |
| ગીલોડા | ૨૦૦ | ૫૦૦ |
| મરચાં દેશી | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૩૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૮૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| મરચા ધોલાર | ૫૦૦ | ૭૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૧૬૦ | ૨૪૦ |
| ભીંડા | ૧૦૦ | ૨૪૦ |
| ગવાર | ૧૦૦ | ૪૦૦ |
| ચોળી | ૧૬૦ | ૨૬૦ |
| ગલકા | ૬૦ | ૧૬૦ |
| તુરીયા | ૧૦૦ | ૧૮૦ |
| પરવર | ૬૦૦ | ૮૦૦ |

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ચ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન